Research Paper

Volume : 2 | Issue : 7 | July 2013 • ISSN No 2277 - 8179

Textile

KEYWORDS:

# Cloths for pre-schooler child

**Mrs Dipika B. Suthar**

Lecturer in C.A.C.D.&D.M, Government polytechnic, Himatnagar

**Introduction :**

માનવ જીવનમાં સંવેગોનું આગવું સ્થાન હોય છે. બાળકો મોટાભાગનાં કાર્ય રમવા કુદવા મા કાઢે છે.૨ થી ૬ વર્ષ ની ઉંમર ના બાળકો ને પ્રી સ્કુલર કહે છે.સ્કુલ માં જતા પહેલા નો આ સમય ગાળો છે.

"બાળકએ દુનિયાનાં ઉપવનમાં ખીલેલ સૌથી સુંદર પુષ્પ છે" ઉપરનું વાક્ય આપણે જ્યારે ઉચ્ચારીએ છીએ સમજીએ છીએ ત્યારે તેનાં યોગ્ય વિકાસની જવાબદારી પણ નિભાવવી પડે છે. બાળકનાં ઉછેર અને વિકાસની ગુણવત્તા તથા સધ્ધરતા પર સમાજની આવતીકાલ નિર્ભર છે. માટે રાષ્ટ્રનાં વિકાસમાં બાળકેળવણીનું શમણું વાસ્તવિક બને તે માટે આપણે સહિયારો પ્રયત્ન કરવો જોઇએ.

કહેવાય છે કે ૨ થી ૬ વર્ષમાં બાળક જેટલું શિખે છે. તેટલું તે તેની ઉંમરના ૫૦ વર્ષમાં પણ નથી શીખતું માટે પૂર્વપ્રાથમિક શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રની ઇમારતનો પાયો છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ માહિતી એકત્રિત કરનારું શિક્ષણ નથી પરંતુ બાળકોનો શારીરિક, માનસિક, સામાજીક, રચનાત્મક તેમજ ભાવાત્મક વિકાસ કરનારું ક્ષેત્ર છે ત્યા તેમના કપડાં પણ એટલા જ અસરકારક છે.

**Functional needs of pre-schooler:-**

આ ઉંમર નુ બાળક સતત નવુ નવુ શીખવાની જિજ્ઞાસાવાળુ હોય છે.તેનાકારણે સતત ચઢવુ કુદકા મારવા દોડ્વુ ધક્કો મારવો વગેરે કાર્યો કરે છે.તેથી તેમના કપડા ફ્લેક્સીબલ અને ખેંચાણ ના થાય તેવા હોવા જોઇએ.હુંફારા પરંતુ ગરમ ના હોવા જોઇએ ભેજ શોષક પરંતુ આરામ થી ધોઇ શકાય તેવા હોવા જોઇએ સુવારા તેમજ ટકાઉ આરામ થી પહેરી તેમજ કાઢી શકાય તેવા સ્વતંત્ર રીતે જાતે પહેરી તેમજ કાઢી શકાય તેવા ડિઝાઇન અને આકર્ષક મટેરીયલ ના હોય ટોઇલેટ જતા પહેરી કે કાઢી શકે તેવા પસંદ કરવા જોઇએ.શરીર ના ઝડપી થતા વિકાસ ને એડજસ્ટ થાય તે પ્રકાર ના કપડા ખરીદવા જોઇએ.

- **Self help garment :**

પ્રી સ્કુલ બાળકીઓ મોટાભાગે વન પીસ ડ્રેસ પહેરે છે.તેના ઉપર સ્વેટર આઉટર જેકેટ ફુલ લેંથ કોટ વગેરે શિયાળા માં પહેરે છે. રમતી વખતે તેઓ નિટેડ શર્ટ કે બ્લાઉઝ ડંગરી કે સ્લેક્સ પહેરે છે. પ્રી સ્કુલર બાળકો મોટાભાગે સ્પોર્ટસ અથવા ડ્રેસ સાથે શર્ટ લાંબા પેન્ટ સાથે પહેરે છે. નિટેડ શર્ટ અને ડંગરી રમતી વખતે પહેરે છે જ્યારે બહાર રમવા જવાનુ હોય ત્યારે જેકેટ કે સ્નોશુટ પહેરે છે

બાળક ના કપડાની સાઇઝઅને ઘટકો ઉપર ઘણી બાબતો અસર કરે છે.ઠંડાવાતાવરણ કરતા વધારે કપડાની જરુરીયાત ઉભી થાય છે.

ગારમેન્ટ બાળક ના શરીર ને ચુસ્ત રીતે રહે તેવુ હોવુ જોઇએ લુઝ ફીટીંગ વાળા કપડાં વધારે લાબાં પેન્ટના પગ અથવા બાંય ખોટી રીતે લબળતી રહે છે.વધારે પડતા લાંબા પોકેટ અને આવા બીજા કોઇ પણ કપડાં બાળક ટ્રાઇસીકલ ચલવે ત્યારે તેને વ્હીલ મા આવી જવાનો ભય રહે છે.ગળામા ખેંચવા ની દોળી કે કમ્મર મા ખેંચવા ની દોળી લાબી ટાઇટ હુંક્સ કે કફ ઉપર રાખવી ખતરનાક છે કેમ કે બાળકો સ્વભાવીક દોરીને ખેંચીને રમે છે લટકે છે. શર્ટ કે બ્લાઉઝની નેકલાઇન નીચી હોવાથી ગળુ દબાતુ અટકાવી શકાય છે નાના બાળકો ના કપડાંમા આસાનીથી ખેંચાઇ શકે તેવા તેમજ વિકાસ્ને પુરતા પ્રમાણ માં દયાનમાં રાખવા માં આવે છે.

- **Allowance for growth**

પ્રી સ્કુલના વર્ષો માં બાળકો નો વિકાસ ખુબજ ઝડપ થી થતો હોય છે. આ સમય દરમ્યાન તેમના કપડાં લાંબા હોવા જોઇએ જેના સમયે વધારે સમય ચાલે છે.પરંતુ ખુબ જ મોટા ખરીદવા એ પણ ખોટી એકોનોમી છે.વળી આને કારણે બાળકની સાઇકોલોજી પર પણ ખરાબ અસર થાય છે ફિજીકલી પણ આરામદાયક્તા અનુભવી શકતા નથી. પ્રી સ્કુલના બાળક માટે કપડાં ખરીદતી વખતે દયાન રાખવુ જોઇએ.

- **Self help Garments**

સેલ્ફ હેલ્પ ગારમેન્ટ નાનુ બાળક પોતે જ અથવા મોટાની થોડી મદદ વડે જ અને જાતે પહેરી અથવા કાઢીશકે તેવા હોય છે.આ ફિચર્સ બાળક કરતા માતા માટે અગત્ય ના છે.કપડા કેવી રીતે પહેરવા તે શીખવવુ અને તેનાથી બાળક આત્મવિશ્વાસ કેળવે છે.તેમજ સ્વતંત્રતા નો અનુભવ કરે છે પોતાની જાતે કરવા થી બાળક ને નિર્ણય લેવામાં મદદરુપ થાય છે.તેમજ વ્યસ્ત જીવન માંથી સમય કાઢવાનુ શીખે છે. સેલ્ફ હેલ્પ ગારમેન્ટ ની મદદથી બાળકોને જ્ઞાન પણા મળે છે.

**બાળકોના કપડાંની પસંદગી વખતે દયાનમા રાખવા ની બાબતો:**

- આરામથી પહોચી શકાય તેવા લાંબા ઓપનીંગ હોવા જોઇએ પાછળ અથવા સાઇડ ઓપનીંગ કરતા આગળ નુ ઓપનીંગ સળર રહે છે.
- વધારે કોમ્પલીકેટેડ ડિઝાઇન કરતા સાદી ડિઝાઇન વધારે સારી રહે છે.
- નાના બટ્નની જ્ગ્યાએ મોટા બટ્નનો ઉપયોગ કરવો જોઇએ.
- આર્મહોલ સ્લીવ નેક થોડા થોડા હોવા જોઇએ જેના કારણે આરામ થી પહેરી શકાય
- ટુ પીસ કરતા વન પીસ વધારે સરા રહે છે.
- ગારમેન્ટ ની આગળ નો ભાગ પાછળ ના ભાગ કરતાં આસાની થી ઓળખાઇ જાય તેવુ હોવુ જોઇએ.
- કોલર વગરના કપડાં આરામ થી પહેરી શકાય છે.

**Easy to Care:**

પ્રી સ્કુલ બાળકના કપડાં ફક્ત વિકાસ અને સેલ્ફ હેલ્પ હોવા ઉપરાંત આરામ થી કાળજી રાખી શકાય તેવા હોય તે સારી ડિઝાઇનીંગ કહેવાય વધારે પડતી સ્ટાઇલ અને ટ્રીંમીગ રેડીમેઇડ ગારમેન્ટ હોવાથી તે ધોવા માં તેમજ પ્રેસ કરવા માં મુશ્કેલ પડે છે નીચેની સ્ટાઇલ માતા ઓ

ઓછી પસંદ કરે છે જેવી કે વધારે ટ્રીમીંગ ,પ્લીટ નાના પોકેટ ,નાના બટન ,રીબીન, લેસ,ગેધર્સ,

સફેદ કપડાં મા રંગીન લેસ પણ ના હોવી જોઇએ નહીં તો બ્લીચ કરવાં મા તકલીફ પડે છે.

**Constriction**

બાળકો કપડા અવ્યવસ્થીત પહેરતા હોવા થી સારી ક્વોલીટીના હોવા જોઇએ રેડીમેઇડ ગારમેન્ટ અમુક મુશ્કેલીઓ ઉભી થાય છે જેવી કે બટન તરત જ તુટી જતા હોય હુક સરખા બંધ ના થતા હોય સાંધા સુવાળા ના હોય, નીચેની કિનારી સરખી હોવી જોઇએ.આરામ થી પહેરી શકાય તેવા હોવા જોઇએ.

**Buying the correct size**

બાળકો ના કપડાની બાબતે માતા ખુબ જ સારી રીતે જાણે છે. બાળક માટે કંઇ સાઇઝ ના કપડા ખરીદવા રેડી ટુ વેર બાળકો ના કપડાંને ઉત્પાદકોએ સ્ટાંન્ડર્ડ સાઇઝ ના બનાવેલા હોય છે.તેની હાઇટ વેઇટ ચેસ્ટ વેસ્ટ આ બધી સાઇઝ દયાન માં રાખી બાળકની ખરેખર સાઇઝ મેળવી શકાય છે.

**Selecting cloth for the child**

પુખ્ત વ્યક્તી ના કપડાની પસંદગી માં જેટલુ દયાન રાખવુ પડે છે તેટલુ જ દયાન બાળકો ના કપડાની પસંદગી માં પણ રાખવુ પડે છે

- Casual wear dress for pre-schooler

pre-schooler બાળકો ના Casual wearપ્રકાર ના કપડા નાં રંગ તેમ જ ચઢી ના જાય તેવા હોવા જોઇએ. સસ્તા સીલ્ક ના મટેરીયલ કરતા સારા કોટ્ન નુ કપડુ વાપરવુ હિતાવહ છે. છોકરાઓ ના કપડા માં ટુ પીસ રોમ્પર શુટ વપરાય છે શર્ટ અને ચડ્ડી પ્ન વપરાય છે.

- Party wear dress for pre-schooler

pre-schooler બાળકો ના Party wear dress નુ વિશેશ મહત્વ આપવા માં આવે છે તેઓના ગારમેન્ટ ચમક્વાળા ઘેરવાળા સારા લાગે છે. બાળકો માં રેડ કલર વધુ વપરાય છે.ક્યારેક સાટીન સીલ્કપણ વપરાય છે.તેઓ ને અગવડ ના પડે તેવા હોવા જોઇએ વધારે મોંઘા ના હોવા જોઇએ બાળકો નો વિકાસ ઝડપી થતો હોવા થી ટૂંકા પડ્તા હોય છે.

- Uniform for pre-schooler

યુનિફોર્મ એટ્લે એક જ સમુહ માટે ન્ક્કી કરેલ વસ્ત્ર પરિધાન યુનિફોર્મ રાખવાના ઘણા બધા ફાયદા ઓ છે.

જેવાકે તમામ બાળકો ને પોતે એકજ સરખા છે તેવો ભાવ રહે છે કોઇ ને લઘુતા ગ્રંથી કે ગુરુતા ગ્રંથી થતી નથી યુનિફોર્મ ને કરણે બાળકની ઓળખ છતી થાય છે. યુનિફોર્મને લીધે બાળકને સ્કુલ માં જતા કપડા પહેરવા માટેની કોઇ મુશ્કેલી થતી નથી નહીતો બાળક અમુક જ કપડાં પહેરવા જીદ કરે છે.

યુનિફોર્મ દરેક સંસ્થા માટે અલગ અલગ હોવાથી રંગ ડિઝાઇન જે તે સંસ્થા પોતે નક્કી કરે છે ઘણી સંસ્થા ઓ પોતે યુનિફોર્મ કરાવે છે.જેના ઉપર વિધાર્થી નુ નામ ,સરનામુ ફોન નં તેમજ સંસ્થા ના નામ નુ લેબલ લગાવવા માં આવે છે.

**<u>ઉપ સંહાર</u>**

આમ બાળકોનાં કાર્યો અને તેમની જરુરીયાતો ને સમજીને તેમના વસ્ત્રો ની પસંદગી કરવા મા ના આવે તો બાળકની સાઇકોલોજી પર પણ ખરાબ અસર થાય છે ફિજીકલી પણ આરામદાયક્તા અનુભવી શકતા નથી. પ્રી સ્કુલના બાળક માટે કપડાં ખરીદતી વખતે દયાન રાખવુ જોઇએ. કપડા કેવી રીતે પહેરવા તે શીખવવુ અને તેનાથી બાળક આત્મવિશ્વાસ કેળવે છે બાળકોની આગવી ઓળખ ઉભી થાય છે.